eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 403
September 25, 2015

## પ્રેસનોટ

## (ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ મેળામાં શહેરીજનોએ આપેલ સહયોગ)

મા.મુખ્યમંત્રીશ્રીની મહિલાઓના ઉત્થાન માટે કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અભિયાનને વેગવંતુ બનાવવાના સરકારશ્રીના સકારાત્મક અભિગમના ભાગરૂપ સુરત શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના વિસર્જનને કારણે થતાં પ્રદુષણને રોકવા અને પર્યાવરણને થતા નુકશાનને અટકાવવાના ઉમદા હેતુ સાથે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓના ઉત્પાદન તથા વેચાણને વેગ મળે,

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

## માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૨/૦૯/૨૦૧૫ થી તા.૧૮/૦૯/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન,નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ–ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન (ઉધના), વેસ્ટઝોન (રાંદેર) તથા સાઉથ વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૫,૪૮૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૨,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## –: પ્રેસનોટ :–

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તેમજ તેની સાથે મહિલા સશકતિકરણ પખવાડીયા નિમિતે મહિલા દિવસ ઉજવણી અન્વયે મેગા મેડીકલ કેમ્પનો તા.૦૫/૦૮/૨૦૧૫ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર,અલથાણ ટેનામેન્ટ પાસે, અલથાણ, સુરત.ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ સ્વાઈન ફલુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદી:–

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન અંતર્ગત આવેલ પીપલોદ વોર્ડ કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ સન સાઈન ગ્લોબલ હોસ્પિટલ આજ રોજ નાયબ આરોગ્ય અધિકારશ્રીના રાઉન્ડ દરમ્યાન સદર હોસ્પિટલ દ્વારા સ્વાઈન ફલુ સંદર્ભે સાચવેતીના પગલા નહી લેવા બાબતે તેમજ બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરવા સબબ તેમજ અંન્ડર ગ્રાઉન્ડ તથા બાજુ–બાજુના સ્થળે પાણીના ભરાવા સંદર્ભે કોઈ કાર્યવાહી ન કરી ગંભીર બેદરકારી દાખવવા સબબ અત્રેથી રૂા. ૪૦,૦૦૦/– વહીવટી વસૂલાત લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "  મચ્છરની ઉત્તપત્તિ અને ગંદકી માટે જવાબદાર કિન્નરી સિનેમા, સેન્ટ્રલઝોન, વી.બી.ડી.સી.વિભાગ,સુરત મહાનગર પાલિકાની કામગીરી ,વસુલવામાં  આવેલ રૂા.૫૦,૦૦૦/–નો દંડ "

હાલની ચોમાસાની ૠતુ દરમ્યાન મચ્છરજન્ય રોગોની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં રહે તે માટે  સેન્ટ્રલઝોન,વીબીડીસી વિભાગ કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ કુલઃ– ૧૦૫ કોમર્શિયલ માર્કેટો/બિલ્ડીંગો/સીનેમા ગૃહોમાં ઘનિષ્ઠ ઝુંબેશ કરી મચ્છરજન્ય સર્વે હાથ ધરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

---

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## તા.૨૩/૦૯/ ૨૦૧૫

## સુરત મહાનગપાલિકા પૂર્વ(વરાછા)ઝોનમાં  ડીમોલીશન/ દબાણ હટાવવાની કામગીરી

ટી.પી. સ્કીમ નં.૩૮(નાના વરાછા) ખાતે ખાડીની નજીક આવેલ ભગવાન નગર સોસાયટીના પ્લોટ      નં. બી/૪–૫ વાળી મિલકતમાં હયાત બાંધકામની ઉપર પૂર્વ મંજુરી વગર બાંધી દીધેલ ત્રીજા            માળના     આર.સી.સી. સ્લેબ તથા ચણતરનું  આશરે ૧૦૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારનું બાંધકામ તોડીને દુર કરી મિલકતદાર તરફેથી ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલવામાં  આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

---

# <u>પ્રેસ નોટ</u>

હાલમાં સ્વાઈનફ્લુ (ઈન્ફ્લુએન્ઝા એ(એચ૧એન૧))ના કેસો [illegible] સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે. જે મુજબ સુરત મહાનગરપાલિકા [illegible] વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૧૬/૦૯/૨૦૧૫ના રોજ સુરત શહેરમાં સ્વાઈન ફ્લુ ના કુલ [illegible] કેસો નોંધાયેલા છે.

જે અન્વયે તા.૧૬/૦૯/૨૦૧૫ના રોજ વિવિધ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ૫૬૮ ઘરોમાં સર્વે કરી કુલ ૨૫૩૪ વસ્તી આવરી લઈ ૧૯ વ્યકિતઓને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે તેમજ દર્દીની કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીગ હિસ્ટ્રી વિગેરે મેળવી, દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા ૦૬ વ્યકિતમાં રોગનાં લક્ષણો જણાતા તેમને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી, રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

લોકજાગૃતિ કેળવાય તેમજ લોકોને સ્વાઈનફ્લુ બાબતે પુરેપુરી જાણકારી મળી રહે અને પોતે પણ સાવચેતીનાં પગલા લઈ શકે તે માટે લોકલ ચેનલ ઉપર બોટમ સ્ક્રોલ તેમજ વર્તમાનપત્રો ધ્વારા માહિતગાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ડેંગ્યુનાં મળેલ ૦૭ કેસોનાં સંદર્ભમાં પણ વિવિધ ઝોનમાં ૧૦ ટીમો ધ્વારા કુલ ૧૩૦૩ ઘરોનો સર્વે કરી કુલ ૬૫૧૫ વસ્તી આવરી લઈ ૨૫૮૯ બ્રીડીગ સ્પોટ ચેક કર્યા જેમાંથી ૦૯ સ્પોટમાં બ્રીડીગ મળી આવ્યા હતા જે તમામનો નાશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૨૯૪ ઘરોમાં ફોગીગની કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૬૩........
તા. ૧૭–૦૯–૨૦૧૫

TOP

# **<u>પ્રેસનોટ</u>**

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં સમાવિષ્ટ ભીમનગર JnNURM-BSUP Redevelopment યોજનામાં નડતરરૂપ ભીમનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના-૪૦૫ લાભાર્થીઓને ઉધના રે.સ.નં. ૧૫૦ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા ભીમનગર JnNURM-BSUP Redevelopment યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૬.૦૯.૨૦૧૫ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સેવા વિનિમય કેન્દ્ર(એસ.ઈ.પી.સી.સેન્ટર), રાયકા સર્કલ, બમરોલી રોડ ખાતે, કોર્પોરેટર શ્રીમતિ લીલાબેન ગવઈ તથા સાઉથ ઝોન (ઉધના) ના તેમજ સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

પ્રેસનોટ નં. ૫૮૫
તા.૧૮-૦૯-૨૦૧૫
જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકા

**TOP**

# <u>પ્રેસ નોટ</u>

હાલમાં સ્વાઈનફલુ (ઈન્ફલુન્ઝા–એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૧૭/૦૯/૨૦૧૫ના રોજ સુરત શહેરમાં સ્વાઈન ફલુના કુલ ૦૮ પોઝીટીવ કેસો નોંધાયેલા છે.

જે અન્વયે તા.૧૭/૦૯/૨૦૧૫ના રોજ વિવિધ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ૧૭૩૦ ઘરોમાં સર્વે કરી કુલ ૭૧૭૯ વસ્તી આવરી લઈ ૪૭ વ્યકિતઓને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે તેમજ દર્દીની કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીગ હિસ્ટ્રી વિગેરે મેળવી, દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા ૦૩ વ્યકિતમાં રોગનાં લક્ષણો જણાતા તેમને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી. રોગ અટકાવત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

લોકજાગૃતિ કેળવાય તેમજ લોકોને સ્વાઈનફલુ બાબતે પરેપુરી જાણકારી મળી રહે અને પોતે પણ સાવચેતીનાં પગલા લઈ શકે તે માટે લોકલ ચેનલ ઉપર બોટમ સ્ક્રોલ તેમજ વર્તમાનપત્રો દ્વારા માહિતગાર [illegible] આવેલ છે.

આ ઉપરાંત ડેંગ્યુનાં મળેલ ૦૫ કેસોનાં સંદર્ભમાં પણ વિવિધ ઝોનમાં ૦૯ ટીમો દ્વારા કુલ [illegible] ઘરોમાં સર્વે કરી કુલ ૬૦૬૦ વસ્તી આવરી લઈ ૨૮૦૦ બ્રીડીંગ સ્પોટ ચેક કર્યા જેમાંથી ૧૬ સ્પોટમાં બ્રીડીંગ મળી આવ્યા હતા જે તમામનો નાશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૩૧૦ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

[illegible]
[illegible] પાલિકા સભા સદન તરફથી સાદર
[illegible]
[illegible] 965

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**'સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૯/૨૦૧૫ થી તા.૧૭/૦૯/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૨૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૧૯૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૬૫૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૧૭૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩૨,૫૫,૫૮૮/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૦૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૨૯ એન્ટ્રીમાં રૂા.૬,૮૪,૪૦૩/– અને આર.સી.ની ૧૭૭ એન્ટ્રીમાં રૂા.૬,૨૪,૦૪૨/– મળી કુલ રૂા.૧૩,૦૮,૪૪૫/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૭ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૭ ફાઈલોના રૂા.૪,૨૫,૧૬૬/– ની વસુલાત લેવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા ૧૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## (ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ મેળામાં શહેરીજનોએ આપેલ સહયોગ)

મા.મુખ્યમંત્રીશ્રીની મહિલાઓના ઉત્થાન માટે કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અભિયાનને વેગવંતુ બનાવવાના સરકારશ્રીના સકારાત્મક અભિગમના ભાગરૂપ સુરત શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના વિસર્જનને કારણે થતાં પ્રદુષણને રોકવા અને પર્યાવરણને થતા નુકશાનને અટકાવવાના ઉમદા હેતુ સાથે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓના ઉત્પાદન તથા વેચાણને વેગ મળે, તેમજ શહેરમાં માટીની મૂર્તિઓ બનાવનાર કારીગરો તૈયાર થાય તે હેતુ ધ્યાને લઈ 'સફલ' કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને કુટીર અને ગ્રામોધોગ હસ્તકની ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન ૮નોછચતયલ્ના સંયુકત ઉપક્રમે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકાના તાલીમ કેન્દ્રો ઉપર કુલ–૩૦૦ લાભાર્થી બહેનોને એક માસની મૂર્તિ બનાવવાની તાલીમ આપવામાં આવેલ હતી. જેમાં લાભાર્થી દિઠ રૂા.૯૦૦૦/– લેખે કુલ રૂા.૨૭,૦૦,૦૦૦/– જેટલી રકમ તાલીમ

માટીની મૂર્તિ બનાવવાની સફળતાપૂર્વક તાલીમ મેળવેલ લાભાર્થીઓ ધ્વારા માટીની ઈકો ફ્રેડન્લી મૂર્તિઓનું વધુમાં વધુ ઉત્પાદન થાય, વેચાણ થાય તથા સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તેમજ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના બદલે ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ બનાવવામાં આવેલ. આ મૂર્તિકારને વેચાણ માટે બજાર મળી રહે તે હેતુથી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૮/૯/૧૫ થી તા.૧૭/૯/૧૫ સુધી ''શ્રીજીની ઈકો ફ્રેન્ડલી'' મૂર્તિના વેચાણ માટે જોગાણી નગર, જયોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં આવેલ પાર્ટી પ્લોટ ખાતે મેળાનું આયોજન કરી કુલ–૪૦ જેટલા સ્ટોલ તૈયાર કરી આ મૂર્તિકારોને સ્ટોલ વિના મૂલ્યે ફાળવણી કરવામાં આવેલ હતી. 'માટી મેળા–૨૦૧૫'ના આયોજન દરમ્યાન ફાળવવામાં આવેલ સ્ટોલો ઉપરથી અંદાજિત કુલ રૂા.૧૪,૧૬,૭૦૦/– ની માટીની મૂર્તિનું વેચાણ કરવામાં આવેલ. સુરત શહેરની જનતાએ પણ મેળામાંથી ઈકો ફ્રેન્ડલી શ્રીજીની મૂર્તિની ખરીદી કરી સરકારશ્રીના મહિલા સશકિતકરણ અને પર્યાવરણના રક્ષણ માટેના પ્રયત્નમાં અમૂલ્ય સહયોગ આપેલ છે.

TOP

## સ્મીમેર
## પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.ર તા.૧૧/૦૯/ર૦૧૫ થી તા.૧૭/૦૯/ર૦૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૦૮૮૮ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૩૫૯ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૩૮૮ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૩૮ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૭૯ સ્ત્રીઓની પ્રસૃતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૫૧ મેજર ઓપરેશનો તથા ર૫૧ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ર૯૧૮, સોનોગ્રાફી ૫૭૫, એમ.આર.આઈ. ૧૪૬ તથા સીટી સ્કેન ૧૩૬ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૧૧૪ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૪૮૫ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૩૦૫રર દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૧ર૫ દર્દીઓ તથા  નવા ૫૫ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૨/૦૯/૧૫ થી તા.૧૮/૦૯/૧૫ (શનિવાર  થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૫૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૬ |

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમા તા. ૧૭, ૧૮–૦૯–૨૦૧૫ નાં રોજ જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૦૫૩ સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૮૭.૯૯૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૧૪૪૭૬ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૨૬.૫૦૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૧૮૭ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૫૬,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન હોટલ/રેસ્ટોરન્ટ, ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

વરાછા ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં રેપરોનું ઉપયોગ કરતા જણાતા ગલ્લા તથા ગંદકી અને ન્યુસન્સ કરતી કુલ ૧૬ સંસ્થા બંધ કરાવવામાં આવી છે. અઠવા ઝોન વિસ્તારમાં ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં રેપરો અને ટી સેન્ટરો પર પ્રતિબંધિત પ્લાસ્ટીક કપનો ઉપયોગ કરતા જણાતા કુલ ૦૫ સંસ્થા બંધ કરાવવામાં આવી છે. જયારે અઠવા ઝોનમાં ૨૮ કિ.ગ્રા. તથા રાંદેર ઝોનમાં ૦૩ કિ.ગ્રા. અખાધ પ્રદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ઘરવામાં આવશે.

TOP

## પ્રેસનોટ

માન. મેયરશ્રી અને મા. કમિશ્નરશ્રીનાં આદેશ તથા ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ નીચે જણાવેલ ઝોનનાં અલગ અલગ વિસ્તારોમાં હાલનાં સ્વાઈન ફલુને ધ્યાને લઈ રોગ અટકાયતી પગલા અન્વયે આજ તા. ૧૮–૦૯–૨૦૧૫ નાં રોજ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ હતુ.

| ઝોનનું નામ | વિસ્તાર | ઉકાળાની સંખ્યા |
|---|---|---|
| સેન્ટ્રલ | રામજીમંદીર, બહુમાળી રોડ નાનપુરા, એનીબેસ્ટન હોલની સામે–ગોપીપુરા, ચાંમુડા રેસ્ટોરન્ટ–રીંગરોડ, વાંસફોડા પુલ મચ્છી માર્કેટ, સલાબતપુરા પોલીસ સ્ટેશન, દેવીદાસ પીપડાશેરીનાં નાકે, ધોડીયાબાવા મંદીરની સામે, અપ્સરા હોટલ હોડી બંગલા, લાલદરવાજા ચાર રસ્તા પોલીસ ગેટ | ૧૦૬૩૦ |
| ઉધના | પાંડેસરા હેલ્થ સેન્ટર, ઝાંસીની રાણી બાગ, રામજી મંદીર ખટોદરા, આશાનગર વિધાનગર, પાંડેસરા ગામ, દેવી દર્શન સોસાયટી, મારૂતીધામ વડોદ, | ૪૧૦૦ |
| વરાછા | સીતાનગર ચોકડી, બરોડા પ્રિસ્તેજ માર્કેટ વિસ્તાર, ભકિતનગર શાકમાર્કેટ, | ૨૫૫૦ |
| લીંબાયત | યોગેશ્વર પાર્ક, સાંઈદર્શન સોસાયટી, | ૧૪૫૦ |
| અઠવા | દિવાળી બાગ–અઠવા ગેટ, ઓરોવીલ સોસાયટી પાસે–ભટાર રોડ, માધવનગર–ભીમપોર | ૧૮૦૦ |
| રાંદેર | જોગાણીનગર ગાર્ડન, પાલ પાલનપુર ગામ, | ૯૯૦ |
| કતારગામ | લલીતા ચોકડી આસપાની સોસાયટી, કતારગામ | ૧૪૪૦ |

TOP

## પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

**સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૨/૦૯/૨૦૧૫ થી તા.૧૮/૦૯/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન,નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ–ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન (ઉધના), વેસ્ટઝોન (રાંદેર) તથા સાઉથ વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂ.૧,૪૫,૪૮૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૨,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૯૦.૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૫૩.૭૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ– ૩૨ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૩૭,૭૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ –૦૧ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.**

**આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૦૫૪૦ અને ૫૧૨૩ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૪૪,૪૮૦/– અને રૂા.૨,૦૫,૨૮૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૪૯,૭૬૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.**

**TOP**

## પ્રેસનોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૯/૨૦૧૫ ના રોજ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની પ્રત્યક્ષ હાજરી અને સીધા માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રી, આસી./જુની.ઈજનેરશ્રી, દબાણ ટીમ, ઝોનની ટ્રકો અને જે.સી.બી. મશીનરી, ખાનગી ઈજારદારના માણસો તથા અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.શ્રી સહિતના સ્ટાફને સાથે રાખીને ગુજરાત હાઉસીંગ બોર્ડને લાગુ ૪૫.૦૦ મી. ના ટી.પી. રસ્તાનો તેમજ ઉત્રાણમાં આવેલ રીઝર્વેશન પ્લોટમાંથી દબાણ દુર કરવાની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) પ્રિ.ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ) માં ફા.પ્લોટ નં. ૧૬૭, બ્લોક નં. ૧૪૭/અ માં સુરત મહાનગરપાલિકાના હસ્તકનો હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ.નો રીઝર્વેશન પ્લોટ આવેલ છે. જેમાં જમીન પચાવી પાડવાના હેતુથી બનાવવામાં આવેલો ધાર્મિક હેતુસરનો પતરાના શેડ સહિતનું દબાણ દુર કરી સ્થળ પર ૨૦૦ ચો.મી. માપ વિસ્તારમાં રીઝર્વેશન પ્લોટનો કબજો ખુલ્લો કરાવવામાં આવેલ છે.

TOP

## પ્રેસ નોટ

હાલમાં સ્વાઈનફલુ (ઈન્ફલુન્ઝા–એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૧૮/૦૯/૨૦૧૫ના રોજ સુરત શહેરમાં સ્વાઈન ફલુના કુલ ૦૮ પોઝીટીવ કેસો નોંધાયેલા છે.

જે અન્વયે તા.૧૮/૦૯/૨૦૧૫ના રોજ વિવિધ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ૧૨૯૬ ઘરોમાં સર્વે કરી કુલ ૫૨૪૯ વસ્તી આવરી લઈ ૨૪ વ્યકિતઓને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે તેમજ દર્દીની કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી, દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા ૦૫ વ્યકિતમાં રોગનાં લક્ષણો જણાતા તેમને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી,રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

લોકજાગૃતિ કેળવાય તેમજ લોકોને સ્વાઈનફલુ બાબતે પુરેપુરી જાણકારી મળી રહે અને પોતે પણ સાવચેતીનાં પગલા લઈ શકે તે માટે લોકલ ચેનલ ઉપર બોટમ સ્કોલ તેમજ વર્તમાનપત્રો ધ્વારા માહિતગાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ડેંગ્યુનાં મળેલ ૦૫ કેસોનાં સંદર્ભમાં પણ વિવિધ ઝોનમાં ૦૫ ટીમો ધ્વારા કુલ ૬૮૪ ઘરોનો સર્વે કરી કુલ ૩૪૨૦ વસ્તી આવરી લઈ ૧૫૪૦ બ્રીડીંગ સ્પોટ ચેક કર્યા જેમાંથી ૦૭ સ્પોટમાં બ્રીડીંગ મળી આવ્યા હતા જે તમામનો નાશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૩૪૪ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

માન. મેયરશ્રી અને મા. કમિશ્નરશ્રીનાં આદેશ તથા ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ નીચે જણાવેલ ઝોનનાં અલગ અલગ વિસ્તારોમાં હાલનાં સ્વાઈન ફલુને ધ્યાને લઈ રોગ અટકાયતી પગલા અન્વયે આજ તા. ૧૯–૦૯–૨૦૧૫ નાં રોજ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ હતુ.

| ઝોનનું નામ | વિસ્તાર | ઉકાળાની સંખ્યા |
|---|---|---|
| ઉધના | અપેક્ષાનગર–બમરોલી, જલારામ નગર, ગાંધીનગર, જમનાનગર, નાગસેન નગર, ધર્મયુગ સોસાયટી વિગેરે | ૩૬૦૦ |
| વરાછા | બોમ્બે માર્કેટ વિસ્તાર, એમ.આઈ. સ્કુલ વિગેરે | ૧૭૫૦ |
| લીંબાયત | રાજીવનગર–મગોબ, સનરાઇઝ ટાઉનશીપ–મગોબ, જલારામ સોસા.વિ–૩–મગોબ, આંજણા ટેનામેન્ટ વિગેરે | ૧૯૬૨ |
| અઠવા | યોગીકૃપા સોસાયટી–ખટોદરા, સરેલાવાડી–પ્રતિષ્ઠા આવાસ એપાર્ટમેન્ટ, ધોડદોડરોડ, પુજા અભિષેક એપાર્ટમેન્ટ, પાંડવ બગ્લોઝ, જયહિંદ સીંધી સોસાયટી, બજરંગ ગલી–અંબિકા નિકેતન રોડ, ઈન્દ્રલોક એપાર્ટમેન્ટ–પીપલોદ, ઈડબલ્યુએસ આવાસ–વેસુ, સરલીંગ એવન્યુ–અલથાણ ભટાર, આમ્રપાલી રો હાઉસ–પનાસ વિગેરે | ૨૧૦૦ |
| રાંદેર | ન.પ્રા.શાળા અડાજણ ગામ, ન.પ્રા.શાળા (સ્વામી વિવેકાનંદ અડાજણ પાટીયા) વિગેરે | ૮૪૯ |
| કતારગામ | ડભોલી વિસ્તારની સોસાયટી, નાની વેડ વિસ્તાર, વિગેરે | ૧૬૮૦ |

TOP

# <u>પ્રેસ નોટ</u>
## <u>સુરત મહાનગરપાલિકા</u>

મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં **તા.૧૯–૦૯–૨૦૧૫** નાં રોજ જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૦૪ સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૩૪.૫૬૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૪૨૩૫ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૮.૪૧૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૭૩ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૧૬,૩૦૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન હોટલ/રેસ્ટોરન્ટ, ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

ઉધના વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં રેપરોનું ઉપયોગ કરતા જણાતા ગલ્લા તથા ગંદકી અને ન્યુસન્સ કરતી કુલ ૦૨ સંસ્થા બંધ કરાવવામાં આવી છે. જયારે રાંદેર ઝોનમાં ૨.૫૦૦ કિ.ગ્રા. અખાધ પ્રદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ધરવામાં આવશે.

::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ...976....
તા. ૧૯–૦૯–૨૦૧૫

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૫૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલેતેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૭૦ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૧,૧૯,૨૮૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૭૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૪૭ એન્ટ્રીમાં રૂા.૫,૧૪,૪૨૬/– અને આર.સી.ની ૧૨૮ એન્ટ્રીમાં રૂા.૬,૩૭,૨૨૫/– મળી કુલ રૂા.૧૧,૫૧,૬૫૧/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૧ એન્ટ્રીમાં રૂા.૩૨૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૯૪૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૩૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૮ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨૦૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**–: પ્રેસનોટ :–**

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તેમજ તેની સાથે મહિલા સશકતિકરણ પખવાડીયા નિમિતે મહિલા દિવસ ઉજવણી અન્વયે મેગા મેડીકલ કેમ્પનો તા.૦૫/૦૮/૨૦૧૫ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર,અલથાણ ટેનામેન્ટ પાસે, અલથાણ, સુરત.ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો હતો.




આ પ્રસંગે આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનીલભાઈ બિસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિ ચેરમેનશ્રી ડો.રવીન્દ્ર પાટીલ,સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન શ્રીમતી કિશોરીબેન કાપડીયા, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત દેસાઈ,આસી.કમિશ્નરશ્રી કે.બી.નાયક, ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ,મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ)ડો.એચ.કે.સોંધરવા,મ્યુનિ.સદસ્ય રંજનબેન પટેલ,રમેશભાઈ પટેલ, અરવિંદભાઈ મારૂ,કલ્પનાબેન અટોદરીયા, આસી.જંતુનાશક અધિકારી જે.બી.પવાર,મેડીકલ તજજ્ઞ ડો.વિકાસબેન દેસાઈ તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,અલથાણ/પનાસ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કાર્યક્રમનાં શુભારંભે ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ સાહેબે કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કરી પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા તરફથી દરેક ઝોનમાં મેગા કેમ્પ કરવામાં આવે છે.અલથાણ ખાતે આ છઠ્ઠા કેમ્પ સાથે "મહિલા સશકતિકરણ પખવાડીયા નિમિતે મહિલા આરોગ્ય દિવસની ઉજવણી અન્વયે આ મેડીકલ કેમ્પ ઉપરાંત સુરત મહાનગરપાલિકા સંચાલીત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર પર મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તદ ઉપરાંત તમામ મેટરનીટી હોમ પર મહિલાઓને બ્રેસ્ટ કેન્સર તથા સરવાઈકલ કેન્સરની સારવાર માટે પેપસ્મીયરની કામગીરી કરવામાં આવશે.ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોની સંખ્યામાં વધારો જોવા મળે છે .જેથી મહાનગરપાલિકા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર આપવામાં આવે છે.તથા મચ્છર જન્ય રોગ ડેગ્યુ–મેલેરીયાથી બચવા તેમજ મચ્છરની ઉત્પત્તિ અટકાવવા સમજણ આપી.મમતા દિવસ ઉજવણીનો મહિલાઓને વધુ લાભ લેવા જણાવ્યુ હતુ.પ્રસુતીની સારવાર વહેલી તકે કરી માતા અને બાળ મરણ અટકાવવા જણાવ્યુ હતું.જનની સુરક્ષા યોજના, કુપોષ્ણ બાળકોની સારવાર વિષે માહિતી આપી હતી.આ કેમ્પમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવશે.જરૂર જણાય તેવા કેસોને મસ્કતી/સ્મીમેર/નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવેલ હતુ.

રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી ડો.રવીન્દ્ર પાટીલએ પોતાનાં પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતું કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોનમાં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગ ચાળા વિષે જાણકારી મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે તો આનો લાભ જાહેર જનતાને લેવા સાથે નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું.વધુમાં ડાયાબીટીસની સારવાર જુલાઈ માસથી દરેક હેલ્થ સેન્ટરમાં વિના મુલ્યે કરવામાં આવે છે એમ જણાવ્યુ હતું.

TOP

આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી અનીલભાઈ બિસ્કીટવાલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે,આ મેડીકલ કેમ્પમાં મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી શરૂ કરવામાં આવેલ છે.તેમા મહિલાઓને બ્રેસ્ટ કેન્સર સરવાઈકલ કેન્સરની સારવાર આપવામાં આવશે.તો બહેનોએ આનો વધુમાં વધુ લાભ લેવા જણાવ્યું હતું.સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે.જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે.જે અંતર્ગત સુરત મહનગરપાલિકાના ડોર ટુ ડોરની સેવામાં કચરો આપવાનું અને કચરો ગમે ત્યાં ફેકી કચરો ન નાખી ગંદકી રોકવા જણાવ્યું હતુ. કેમ્પમાં યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તેમજ મા અમૃતમ વાત્સલય યોજનાનો વધુ લાભ લેવા જણાવ્યું હતું"

નિવૃત્ત એડી.ડાયરેકટર(પ.ક.),ગાંધીનગર અને મેડીકલ તજજ્ઞશ્રી ડો.વિકાસબેન દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં સુરત શહેરમાં ચાલતા સરકારી દવાખાનાઓ અને સરકારી યોજના તેમજ રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા મળતી સેવાઓનો લાભ લેવા જણાવ્યુ હતું. બાળકોમાં કુ–પોષણ અટકાવવા જણાવ્યું હતું.તેમજ ઘરની આજુ બાજુ સ્વચ્છતા રાખવા તથા ગમે ત્યાં કચરો ન નાખવા જાહેર અપીલ કરી હતી.આ જ્ઞાન તમારા નાના બાળકોને પણ આપવા જણાવ્યુ હતું.તેમણે બહેનોને સરકારશ્રી તરફથી મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી શરૂ કરવામાં આવેલ છે.તો તેનો લાભ લેવા જણાવ્યું હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૫૬૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૪૬ ચામડીના નિષ્ણાત દ્વારા ૧૩૭,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૫૮,બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૦૩,ફિઝીશ્યન દ્વારા ૧૩૪,સર્જન દ્વારા ૧૭, મેડીકલ ઓફીસર દ્વારા ૭૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૬ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા.ઓ.આર.એસ ૫૬ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૮૪ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૧૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૮,ઓરલ પીલ્સ ૦૭ પેકેટ,આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૬૬૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૦૨ બાળકને બી.સી.જી.,૦૪ બાળકોને પેન્ટાવેલેન્ટ,૦૬ બાળકોને પોલીયોની રસી ૦૨ બાળકોને ઓરીની રસી,૦૨ બાળકોને ડી.પી.ટી.૦૫ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.તદ ઉપરાંત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતેના મેડીકલ કેમ્પ તથા મેટેનેટી હોમમાં પેપસ્મીયરની કામગીરી કરાવવામાં આવેલ હતી.

વધુ આ કેમ્પમાં કેર હોસ્પિટલનાં તબીબોએ વિનામુલ્યે સેવા આપી હતી.તેમાં ૦૭ દર્દીઓએ લાભ લીધો હતો.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૧૫/૦૮/૧૫ના રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર, વિજયાનગરની બાજુમાં, સુમન હાઈસ્કુલ/મરાઠી સ્કુલ પાસે, ઉધના, ખાતે રાખવામાં આવેલ છે.તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ સ્વાઈન ફ્લુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ–**

(૧)સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન અંતર્ગત આવેલ પીપલોદ વોર્ડ કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ સન સાઈન ગ્લોબલ હોસ્પિટલ આજ રોજ નાયબ આરોગ્ય અધિકારશ્રીના રાઉન્ડ દરમ્યાન સદર હોસ્પિટલ દ્વારા સ્વાઈન ફ્લુ સંદર્ભે સાચવેતીના પગલા નહી લેવા બાબતે તેમજ બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરવા સબબ તેમજ અંન્ડર ગ્રાઉન્ડ તથા બાજુ–બાજુના સ્થળે પાણીના ભરાવા સંદર્ભે કોઈ કાર્યવાહી ન કરી ગંભીર બેદરકારી દાખવવા સબબ અત્રેથી રૂા. ૪૦,૦૦૦/– વહીવટી વસૂલાત લેવામાં આવેલ છે. તેમજ કેન્ટીનમાં ખુલ્લા પડી રહેલા ખાદ્ય પદાર્થનો ૦૫ કિ.ગ્રા.નો નાશ કરવામાં આવેલ તેમજ સદર હોસ્પિટલના સંચાલકોને તાકીદે હોસ્પિટલના તમામ સ્ટાફ જેવા કે, ડૉકટર, નર્સ, ટેલિફોન ઓપરેટર, સિકયોરીટી ગાર્ડ, વોચમેન તથા કર્મચારીને ફરજીયાત માસ્ક પહેરવવા સુચના આપેલ તેમજ હોસ્પિટલમાં આવતા દર્દીને જો શરદી, ખાંસી, તાવ હોય તેવા દર્દીને પણ ફરજીયાત માસ્ક વિતરણ કરવા સુચન કરેલ છે.

(૨) સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં ગણેશજી સ્થાપનાના સંચાલકને અત્રેથી પત્ર પાઠવવી સવાર–સાંજ આરતીના સમયે માઈક દ્વારા સ્વાઈન ફ્લુ રોગથી બચવા માટેના ઉપાયો માટે ઉધરસ, છીંક વેળા મોઢું અને નાક ઢાંકો, હસ્તધુનન ને બદલે ' નમસ્કાર'ની મુદ્રાથી અભિવાદન કરો, હાથ સાબુ અને પાણીથી વારંવાર ધુઓ, ખુબ પાણી પીઓ, પોષ્ટીક આહાર અને પૂરતી ઉંઘ લો, તેમજ રોગનો ફલાવો અટકાવવા માટે, શરદી, ખાંસી અને ગળામાં દુઃખાવો, ભારે તાવ હોય તો આવા દર્દીઓએ ધરની બહાર ન નીકળતા ભીડભાડવાળી જગ્યાએ જવું ટાળવું. તેમજ સુરત મહાનગરપાલિકાના ફ્રી હેલ્પ લાઈન ૧૦૪નો ઉપયોગ કરવા તેમજ નજીકના આરોગ્ય કેન્દ્ર, સ્મીમેર હોસ્પિટલ તથા નવી સીવીલ હોસ્પિટલમાં ફ્રી સારવાર લેવા સુચના આપવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

હાલમાં સ્વાઈનફ્લુ (ઈન્ફ્લુન્ઝા–એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૨૦/૦૯/૨૦૧૫ના રોજ સુરત શહેરમાં સ્વાઈન ફ્લુના કુલ ૦૨ પોઝીટીવ કેસો નોંધાયેલા છે.

જે અન્વયે તા.૨૦/૦૯/૨૦૧૫ના રોજ વિવિધ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ૪૦૮ ઘરોમાં સર્વે કરી કુલ ૨૦૬૯ વસ્તી આવરી લઈ ૧ વ્યકિતને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે તેમજ દર્દીની કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી, દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા ૧ વ્યકિતમાં રોગનાં લક્ષણો જણાતા તેમને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી,રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

લોકજાગૃતિ કેળવાય તેમજ લોકોને સ્વાઈનફ્લુ બાબતે પુરેપુરી જાણકારી મળી રહે અને પોતે પણ સાવચેતીનાં પગલા લઈ શકે તે માટે લોકલ ચેનલ ઉપર બોટમ સ્કોલ તેમજ વર્તમાનપત્રો ધ્વારા માહિતગાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ડેંગ્યુનાં મળેલ ૦૫ કેસોનાં સંદર્ભમાં પણ વિવિધ ઝોનમાં ૧૪ ટીમો ધ્વારા કુલ ૨૦૦૭ ઘરોનો સર્વે કરી કુલ ૧૦૦૩૫ વસ્તી આવરી લઈ ૫૮૮૯ બ્રીડીંગ સ્પોટ ચેક કર્યા જેમાંથી ૧૨ સ્પોટમાં બ્રીડીંગ મળી આવ્યા હતા જે તમામનો નાશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૨૩૧ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

માન. મેયરશ્રી અને મા. કમિશ્નરશ્રીનાં આદેશ તથા ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ નીચે જણાવેલ ઝોનનાં અલગ અલગ વિસ્તારોમાં હાલનાં સ્વાઈન ફલુને ધ્યાને લઈ રોગ અટકાયતી પગલા અન્વયે આજ તા. ૨૦, ૨૧–૦૯–૨૦૧૫ નાં રોજ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ હતુ.

| ઝોનનું નામ | વિસ્તાર | ઉકાળાની સંખ્યા |
|---|---|---|
| ઉધના | ઉધના રેલ્વે સ્ટેશન, બુડીયાગામ, રામેશ્વર નગર, વિજયાનગર મેઈનરોડ, હાઉસીંગ શાકમાર્કેટ, આશીયાનગર, ભીંડીબજાર, શીવનગર, જુનુ બમરોલી | ૭૦૫૦ |
| લીંબાયત | સોનીયાનગર, મગોબ, સંજયનગર, લીંબાયત | ૬૯૫ |
| અઠવા | દયાળજી પાર્ક સોસાયટી, અલથાણ રોડ, નંદનવન સોસયાટી વિભાગ–૨, જલદર્શન સોસાયટીલ વાંકી ફળીયુ ડુમ્મસ | ૭૦૦ |
| રાંદેર | પાલ પાલનપુર વોક વે, નં.પ્રા.શા.ક્રમાંક ૩૨૨–અડાજણ ગામ, જોગાણીનગર ગાર્ડન | ૧૩૩૪ |
| કતારગામ | સરદારનગર અને તેની આજુબાજુનો વિસ્તાર, પરષોત્તમનગર અને તેની આજુબાજુનો વિસ્તાર, ડભોલી | ૧૬૦૦ |
| સેન્ટ્રલ | કતારગામ દરવાજા વિસ્તાર, સુરત રેલ્વે સ્ટેશન ટાઈમનાકા પાસે, મોતી ટોકીઝ વોર્ડ ઓફીસ, ચૌટાબજાર ચાર રસ્તા, સગરામપુરા પુતલી, ડી.કે.એમ. સર્કલ પાસે, સૈયદપુરા શાક માર્કેટ, કૈલાસ રેસ્ટોરન્ટની પાસે નાનપુરા, જે જે ખમણ પાસે ઉધના દરવાજા, મુબઈવડ પ્રગતિ સ્કુલ પાસે | ૬૮૫૦ |

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમા તા.૨૦,૨૧–૦૯–૨૦૧૫ નાં રોજ જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૯૭૫ સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૬૫.૪૪૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૭૩૧૧ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૧૩.૨૫૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૧૫૮ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૩૪,૪૦૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન હોટલ/રેસ્ટોરન્ટ, ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક કપનો ઉપયોગ કરતા તથા ગંદકી અને ન્યુસન્સ કરતી ઉધના ઝોન કુલ ૦૧ તથા અઠવા ઝોનમાં કુલ ૦૧ મળી કુલ ૦૨ સંસ્થા બંધ કરાવવામાં આવી છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ઘરવામાં આવશે.

TOP

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૯/૨૦૧૫ થી તા.૨૦/૦૯/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૧૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૭૦૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૮૫૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલે તેમજ વહીવટી ખર્ચના રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૦૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૭,૪૪,૩૫૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૩૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૮૪ એન્ટ્રીમાં રૂા.૧,૭૮,૫૭૬/– અને આર.સી.ની ૪૭ એન્ટ્રીમાં રૂા.૩,૮૨,૩૬૧/– મળી કુલ રૂા.૫,૬૦,૯૩૭/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૧૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૦૩ ફાઈલોના રૂા.૧,૧૦,૨૧૮/– ની વસુલાત કરવામાં આવી.

TOP

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ નાસીરનગર ઝુંપડપટ્ટી, પાલીયા ગ્રાઉન્ડના માન્ય યાદીના–૨૨ લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૯/૧ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વદ્યદગચોઢખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૯/૦૯/૨૦૧૫ ના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે સેન્ટ્રલ ઝોન ખાતે સેન્ટ્રલ ઝોનના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચ્ચુ લાવી શકાશે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) માં આવેલ નારાયણનગર, મઝદાપાર્ક તથા ગરીબનવાઝ નગરમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે આજ તા.૨૨/૦૯/૨૦૧૫ ના રોજ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના શહેર વિકાસ વિભાગના અધિકારીઓ દ્વારા ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૨૬ માં આવેલ ગરીબ નવાઝ નગર સોસાયટીના સબપ્લોટ નં.૨૫, ૨૬ ના મિલ્કતદાર દ્વારા બીજા માળનું મંજુરી વગરનું આર.સી.સી.સ્લેબ તથા દિવાલોના ચણતરકામ સહિતનું બાંધકામ શરૂ કરવામાં આવેલ. સ્થળ તપાસ દરમ્યાન સદર પરવાનગી વિનાનું બાંધકામ ધ્યાને આવતા અત્રેથી મિલ્કતદારને બાંધકામ દુર કરવા સુચના આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર દ્વારા સદરહુ ચેતવણીને અવગણીને બાંધકામ દુર ન કરતા આજ તા.૨૨/૦૯/૨૦૧૫ ના રોજ સદર ઝોનના શહેર વિકાસ વિભાગના અધિકારીઓ દ્વારા સદર ગેરકાયદેસર બાંધકામના બીજા માળનું આશરે ૯૦૦ ચો.ફુટ માપવિસ્તારનું આર.સી.સી.સ્લેબ તથા દિવાલોના ચણતરકામ સહિતનું બાંધકામ દુર કરી રૂા.૧૦, ૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

તદઉપરાંત ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૧૫ માં આવેલ ન્યુ નારાયણ ઈન્ડસ્ટ્રીયલ ના સબ પ્લોટ નં.૪૮, ૪૯ ના ચોથા માળે પતરાનાં શેડ બનાવવાનાં ઈરાદે એંગલો – ચેનલો સહિતનું ફ્રેમ સ્ટ્રકચર ઉભું કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ વિભાગના અધિકારીઓ દ્વારા આજ તા.૨૨/૦૯/૨૦૧૫ ના રોજ ગેરકાયદેસર એંગલો – ચેનલો સહિતનું આશરે ૧૬૦૦ ચો.ફુટનું એંગલ ફ્રેમ સ્ટ્રકચર દુર કરવામાં આવેલ.

તદઉપરાંત ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં. ૨૫/એ માં આવેલ મઝદા પાર્ક સોસાયટીમાં ગેરકાયદેસર રીતે દુકાનો બનાવવામાં આવેલ. સ્થળ તપાસ દરમ્યાન સદર દુકાનોના નંગ – બે શટર દુર કરવામાં આવેલ.

આમ, લિંબાયત વિસ્તારમાં આજરોજ ૨૫.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ તથા બે દુકાનોનાં શટર દુર કરવામાં આવેલ છે.

સદરહુ કામગીરીમાં ખાનગી કોન્ટ્રાકટરનાં માણસો તેમજ દબાણ વિભાગના સ્ટાફ તેમજ શહેર વિકાસ વિભાગના આસી.ઈજનેરો તથા ડેપ્યુટી ઈજનેરો રોકાયેલ.

TOP

## પ્રેસનોટ

માન. મેયરશ્રી અને મા. કમિશ્નરશ્રીનાં આદેશ તથા ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ નીચે જણાવેલ ઝોનનાં અલગ અલગ વિસ્તારોમાં હાલનાં સ્વાઈન ફલુને ધ્યાને લઈ રોગ અટકાયતી પગલા અન્વયે આજ તા. ૨૨–૦૯–૨૦૧૫ નાં રોજ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ હતુ. વધુમાં આ તમામ ઉકાળાનાં વિતરણ દરમ્યાન સ્વાઈન ફલુનાં રોગ સામે અટકાયતી માટે જરૂરી સમજ અને પત્રિકાઓ પણ આપવામાં આવી હતી. કેટલાક વિસ્તારમાં પ્રચારગાડી મારફત આ અંગે જરૂરી પ્રચાર પણ કરાવવામાં આવેલ છે.

| ઝોનનું નામ | વિસ્તાર | ઉકાળાની સંખ્યા |
|---|---|---|
| સેન્ટ્રલ | રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, ગોળવાળા ચકલા–ભાગળ શાકમાર્કેટ પાસે, એર ઈન્ડીયા કોટસફીલ રોડ, ચોકીશેરી–સૈયદપુરા | ૧૮૫૦ |
| ઉધના | બચકાનીવાલા સ્કુલ–ખટોદરા, ડીએવી સ્કુલ રામદેવનગર વિધાનગર, ઈડબલ્યુએસ શાળા તથા આસપાસ–વડોદ, નં.પ્રા.શા.ક્રમાંક ૨૧૩–૨૧૫ ભેસ્તાન, નં.પ્રા.શા.ક્રમાંક ૨૦૦–એકેડેમી–ઉધના સંધ, નં.પ્રા.શા.ક્રમાંક ૨૨૩–૨૪ જુનુ બમરોલી, નં.પ્રા.શા.ક્રમાંક ૧૨૧, ૨૫૪–સોનલ, નં.પ્રા.શા.ક્રમાંક ૨૦૭, ૨૦૮,૧૯૭, ૧૯૮, ૨૦૧, ૨૪૪–મીરાનગર, નં.પ્રા.શા.ક્રમાંક ૨૯૫, ૩૧૨, ૨૯૭, | ૧૨૫૧૫ |
| વરાછા | સીતાનગર, ઈશ્વરનગર, રણુજાધામ–પુણા, મોટી મહોલ્લો–અશ્વનીકુમાર, સમર્થ પાર્ક ભાગ્યોદય વોર્ડ | ૨૨૭૦ |
| લીંબાયત | નીલગીરી સર્કલ ઉધનાયાર્ડ | ૫૭૦ |
| અઠવા | રાજવૈભવ એપાર્ટમેન્ટ અંબિકા નિકેતનની આસપાસ, આગમવિહાર સોસાયટી વિભાગ–૧, ૨, એકતાનગર રો હાઉસ, નં.પ્રા.શાળા વેસુ, રાજપીઠ એપાર્ટમેન્ટ–મુનલાઈટ રોડ વેસુ, | ૧૦૦૫ |
| રાંદેર | જહાંગીરપુરા ત્રણ રસ્તા સુભાષ ગાર્ડન, નં.પ્રા.શાળા તથા વોર્ડઓફીસ ગોરાટ | ૮૭૮ |
| કતારગામ | સહયોગ યુવક મંડળ ગણપતિ ઉત્સવ – સુમુલ ડેરી રોડ | ૧૪૩૦ |

TOP

# પ્રેસ નોટ
## સુરત મહાનગરપાલિકા

મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં **તા.૨૨–૦૯–૨૦૧૫** નાં રોજ જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૭૮ સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૪૮.૯૦૫ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૫૨૩૩ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૬.૯૦૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૯૮ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૨૭,૩૫૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન હોટલ/રેસ્ટોરન્ટ, ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક કપનો ઉપયોગ કરતા તથા ગંદકી અને ન્યુસન્સ કરતી અઠવા ઝોનમાં ૦૧ ચાહની લારી પીપલોદ ખાતે બંધ કરાવવામાં આવી છે. ઉધના ઝોનમાં ૦૧ ટી સેન્ટર બંધ કરાવવામાં આવી છે. જ્યારે વરાછા ઝોનમાં ૧૫ કિ.ગ્રા. અખાધ ચીજો મળી આવતા તેનો નાશ કરવામાં આવેલ છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ધરવામાં આવશે.

::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ........ 987
તા. ૨૨–૦૯–૨૦૧૫

TOP

## પ્રેસનોટ

હાલમાં સ્વાઈનફલુ (ઈન્ફલુન્ઝા–એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૨૧/૦૯/૨૦૧૫ના રોજ સુરત શહેરમાં સ્વાઈન ફલુના કુલ ૦૫ પોઝીટીવ કેસો નોંધાયેલા છે.

જે અન્વયે તા.૨૧/૦૯/૨૦૧૫ના રોજ વિવિધ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ૧૦૦૦ ઘરોમાં સર્વે કરી કુલ ૪૦૯૩ વસ્તી આવરી લઈ ૧૯ વ્યકિતને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે તેમજ દર્દીની કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી, દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા ૬ વ્યકિતમાં રોગનાં લક્ષણો જણાતા તેમને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી,રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

લોકજાગૃતિ કેળવાય તેમજ લોકોને સ્વાઈનફલુ બાબતે પુરેપુરી જાણકારી મળી રહે અને પોતે પણ સાવચેતીનાં પગલા લઈ શકે તે માટે લોકલ ચેનલ ઉપર બોટમ સ્કોલ તેમજ વર્તમાનપત્રો ધ્વારા માહિતગાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ડેંગ્યુનાં મળેલ ૦૫ કેસોનાં સંદર્ભમાં પણ વિવિધ ઝોનમાં ૦૬ ટીમો ધ્વારા કુલ ૬૨૧ ઘરોનો સર્વે કરી કુલ ૩૧૦૫ વસ્તી આવરી લઈ ૨૦૯૫ બ્રીડીંગ સ્પોટ ચેક કર્યા જેમાંથી ૦૬ સ્પોટમાં બ્રીડીંગ મળી આવ્યા હતા જે તમામનો નાશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૨૦૯ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૩૧૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૫૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલે તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૭૮ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૩,૮૮,૫૧૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૧૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૩૪ એન્ટ્રીમાં રૂા.૪,૭૮,૦૪૧/– અને આર.સી.ની ૮૪ એન્ટ્રીમાં રૂા.૫,૪૮,૬૪૩/– મળી કુલ રૂા.૧૦,૨૬,૬૮૪/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૨૦/–, રીન્યુઅલની ૧૯ એન્ટ્રીમાં રૂા.૧૧૪૦/– અને દંડની રકમની ૧૯ એન્ટ્રીમાં રૂા.૩૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૦૮ ફાઈલોના રૂા.૪૯,૮૨૯/– ની વસુલાત કરવામાં આવી.

TOP

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :-

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં. ૨૮૮૬/બી/૨/૨/બી/૩ પૈકી ટ્રેડ હાઉસ, સુરત ખાતે આવેલ મિલ્કતમાં મિલ્કતના હિત ધરાવનારા શ્રી મનીષ કોર્પોરેશન દ્વારા હયાત બેઝમેન્ટના આશરે ૧૨૯૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલોનું પાર્ટીશન સહિતનું બાંધકામ તા.૨૨/૦૯/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. ........990..........<br>
તા.૨૨/૦૯/૨૦૧૫

TOP

સવિનય જણાવવાનું કે,વી.બી.ડી.સી વિભાગના સ્ટાફ દવારા તા.૨૨/૯/૧૫ ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ તથા શોપીંગ કોમ્પલેક્ષ ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવાની કામગીરી તથા આરોગ્ય વિભાગના સ્ટાફ દવારા તા.૨૩/૯/૧૫ ના રોજ તમાકુ અભિયાનની કામગીરી કરવામાં આવેલ.

સુરત શહેરમાં છેલ્લા ૦૩ દિવસ દરમ્યાન પડેલા વરસાદને કારણે મચ્છરજન્ય પરિસ્થિતિ વકરે નહીં તે મુજબ પશ્ચિમઝોનના વી.બી.ડી.સી વિભાગ દવારા કરવામાં આવેલ રુટીન કામગીરી ઉપરાંત શોપીંગ મોલ તેમજ શોપીંગ કોમ્પલેક્ષ ખાતે ઝુંબેશરૂપી કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરીમાં તા.૨૧/૯/૧૫ તેમજ તા.૨૨/૯/૧૫ ના રોજ કુલ – ૬૪ સંસ્થાઓ ચેક કરેલ. જેમાં મચ્છરની ઉત્પત્તિની સંભાવના ધરાવતી કુલ–૧૧ સંસ્થાને આરોગ્યરક્ષણ સંબંધી નોટીસ આપેલ.

વધુમાં નીચે જણાવેલ કુલ–૦૭ (સાત) સંસ્થા ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડતા કુલ–૧૩,૫૦૦ રુપિયા વહીવટીખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ.

| અ.નં. | સંસ્થાનું નામ | | વસુલ લીધેલ વહીવટી ખર્ચ |
|---|---|---|---|
| (૧) | સિધ્ધિશોપર્સ | – | ૧૦૦૦/– |
| (૨) | ગ્રીનવેન્ટપુરા | – | ૫૦૦૦/– |
| (૩) | ટાઈમ સ્કવેર | – | ૧૦૦૦/– |
| (૪) | સરદાર કોમ્પલેક્ષ | – | ૧૦૦૦/– |
| (૫) | સ્ટારબજાર | – | ૩૦૦૦/– |
| (૬) | હરિચંપા, અડાજણ | – | ૨૦૦૦/– |
| (૭) | ફેશનહોમ ઈન્ટિરીયર | – | ૫૦૦/– |

આથી તમામ સંસ્થા ને તેઓની પ્રિમાઈસીસના ધાબા ઉપર તેમજ બેઝમેન્ટમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી સમયાંતરે હાથ ધરવા અનુરોધ કરવામાં આવેલ.

TOP

# –: પ્રેસનોટ :–

## "નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૧૦/૨૦૧૫ થી તા.૨૨/૧૦/૨૦૧૫ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં **તા.૧૪/૧૦/૨૦૧૫ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓની ગરબા હરિફાઈ, તા.૧૬/૧૦/૨૦૧૫ના રોજ સુરત શહેરની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ગરબા સ્પર્ધા, તા.૧૮/૧૦/૨૦૧૫ના રોજ પ્રાથમિક અને માધ્યમિક વિભાગની ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશન, તા.૨૦/૧૦/૨૦૧૫ના રોજ સુમન શાળા સેલ શાળાઓની ગરબા સ્પર્ધા અને તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજ શેરીગરબા સ્પર્ધાનું** આયોજન સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવેલ છે. શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો તથા શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

સમાચારયાદી નં. [illegible] 2
તા.૨૩/૦૯/૨૦૧૫
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## પ્રેસનોટ

હાલમાં સ્વાઈનફલુ (ઈન્ફલુન્ઝા–એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૨૧/૦૯/૨૦૧૫ના રોજ સુરત શહેરમાં સ્વાઈન ફલુના કુલ ૦૫ પોઝીટીવ કેસો નોંધાયેલા છે.

જે અન્વયે તા.૨૧/૦૯/૨૦૧૫ના રોજ વિવિધ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ૧૦૦૦ ઘરોમાં સર્વે કરી કુલ ૪૦૯૩ વસ્તી આવરી લઈ ૧૯ વ્યકિતને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે તેમજ દર્દીની કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી, દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા ૬ વ્યકિતમાં રોગનાં લક્ષણો જણાતા તેમને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી,રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

લોકજાગૃતિ કેળવાય તેમજ લોકોને સ્વાઈનફલુ બાબતે પુરેપુરી જાણકારી મળી રહે અને પોતે પણ સાવચેતીનાં પગલા લઈ શકે તે માટે લોકલ ચેનલ ઉપર બોટમ સ્કોલ તેમજ વર્તમાનપત્રો ધ્વારા માહિતગાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ડેંગ્યુનાં મળેલ ૦૫ કેસોનાં સંદર્ભમાં પણ વિવિધ ઝોનમાં ૦૬ ટીમો ધ્વારા કુલ ૬૨૧ ઘરોનો સર્વે કરી કુલ ૩૧૦૫ વસ્તી આવરી લઈ ૨૦૯૫ બ્રીડીંગ સ્પોટ ચેક કર્યા જેમાંથી ૦૬ સ્પોટમાં બ્રીડીંગ મળી આવ્યા હતા જે તમામનો નાશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૨૦૯ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

માન. મેયરશ્રી અને મા. કમિશ્નરશ્રીનાં આદેશ તથા ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ નીચે જણાવેલ ઝોનનાં અલગ અલગ વિસ્તારોમાં હાલનાં સ્વાઈન ફલુને ધ્યાને લઈ રોગ અટકાયતી પગલા અન્વયે આજ તા. ૨૩–૦૯–૨૦૧૫ નાં રોજ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ હતુ. વધુમાં આ તમામ ઉકાળાનાં વિતરણ દરમ્યાન સ્વાઈન ફલુનાં રોગ સામે અટકાયતી માટે જરૂરી સમજ અને પત્રિકાઓ પણ આપવામાં આવી હતી. કેટલાક વિસ્તારમાં પ્રચારગાડી મારફત આ અંગે જરૂરી પ્રચાર પણ કરાવવામાં આવેલ છે.

| ઝોનનું નામ | વિસ્તાર | ઉકાળાની સંખ્યા |
|---|---|---|
| વરાછા | યોગી ચોક સહજાનંદ પાર્ક પાસે, વર્ષા સોસાયટીની વાડી, ડાહયાપાર્ક સોસાયટી, સુદામાચોક, ગીરનાર સોસાયટીની વાડી, રૂપમ સોસાયટીની વાડી પાસે, કાપોદ્રા મેઈનરોડ, દિનદયાળ સોસાયટી | ૬૧૫૦ |
| રાંદેર | રાંદેર પીપલ્સ, પાલનપુર જકાતનાકા, અડાજણ પાટીયા ન.પ્રા.શાળા દિવાળીબાગ, | ૧૨૭૩ |
| કતારગામ | કતારગામનાં રાજા ગણપતિ મંડપ પાસે | ૧૫૦૦ |

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

મે. કમિશ્નરશ્રીનાં આદેશનુંસાર અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન મુજબ મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમા તા.૨૩–૦૯–૨૦૧૫ નાં રોજ જે તે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનાં સ્ટાફ ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ/પ્લાસ્ટીક કપનો વપરાશ – ઉપયોગ – વેચાણ કરતી સંસ્થાઓની ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં કુલ ૬૦૯ સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી કુલ ૨૫.૮૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક તેમજ ૬૭૬૦ નંગ પ્લાસ્ટીકનાં કપ તથા ૧૩.૫૬૦ કિ.ગ્રા. માવાના કાગળ જપ્ત કરી, ૯૭ ઈસમ / સંસ્થાને નોટીસ આપી, વહીવટી ખર્ચ પેટે રૂા. ૪૦,૦૫૦/– વસુલ કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન હોટલ/રેસ્ટોરન્ટ, ચાની લારીઓ, શાકભાજી / ફળોનું વેચાણ કરતી માર્કેટો તથા પાન–માવાની વેચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

ઉપર મુજબની પ્લાસ્ટીક / પ્લાસ્ટીક કપ અંગેની ઝુંબેશ આવનાર દિવસોમાં હાથ ઘરવામાં આવશે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૪૩૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૬૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૮૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૪૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૩,૧૭,૫૧૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૪૬૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩૨ એન્ટ્રીમાં રૂા.૬,૫૨,૧૭૯/– અને આર.સી.ની ૧૩૭ એન્ટ્રીમાં રૂા.૪,૬૯,૬૫૧/– મળી કુલ રૂા.૧૧,૨૧,૮૩૦/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૨૦/–, રીન્યુઅલની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૮૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૮ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ તેમજ ૧૩ નવા ડ્રેનેજ કનેકશન આપેલ. નવા ડ્રેનેજ કનેકશન સંદર્ભે રૂા.૭,૬૭૩/– ચાર્જ વસુલ લીધેલ.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૦૭ ફાઈલના રૂા.૫,૮૭,૪૧૧/– ની વસુલાત કરવામાં આવી.

દબાણ ખાતા દ્વારા ૨૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૩.૦૯.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૪ ફાઈલના રૂા.૧૦.૨૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૦ લોકેશન(ખાડા)૩૯૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૭.૯૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે.તથા કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૮૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૧૭૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૭ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૦ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાં નાણાં પેટે રૂા.૧૮૪૨/– વસુલ લેવામાં તથા રોડ પૈકીના દબાણ માં કુલ–૦૩ લારી ઉપાડવામાં આવેલ  તથા  આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૮૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૩૭.૩૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૧૪.૬૪ લાખ થયેલ છે.,૦૨ ભહ તથા ૦૪  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૫૩૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૩ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૫.૬૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૨ છે.,તથા ૨૨૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ ૧૨૦૦૧ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૭૬૮૮ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૧૨૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૨૭૧ કરવામાં આવેલ છે. જયારે ૫૦ નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ચાર્જ પેટે રૂા.૭૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

**TOP**

## " મચ્છરની ઉત્તપત્તિ અને ગંદકી માટે જવાબદાર કિન્નરી સિનેમા, સેન્ટ્રલઝોન, વી.બી.ડી.સી.વિભાગ,સુરત મહાનગર પાલિકાની કામગીરી ,વસુલવામાં આવેલ રૂા.૫૦,૦૦૦/–નો દંડ "

હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગોની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં રહે તે માટે સેન્ટ્રલઝોન,વીબીડીસી વિભાગ કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ કુલઃ– ૧૦૫ કોમર્શિયલ માર્કેટો/બિલ્ડીંગો/સીનેમા ગૃહોમાં ઘનિષ્ઠ ઝુંબેશ કરી મચ્છરજન્ય સર્વે હાથ ધરવામાં આવેલ. સદર સર્વે દરમ્યાન મચ્છરજન્ય રોગોની માટે જવાબદાર અને ગંદકી ફેલાવા માટે જવાબદાર એવા કુલઃ–૧૭ ઈસમોને આરોગ્ય રક્ષણ સંબંધિ નોટીસ આપવામાં આવેલ છે અને (૧) કિન્નરી સિનેમા,રીંગરોડને ભોંયરામાં પાણીભરાવામાં મચ્છરની ઉત્તપત્તિ મળતા રૂા.૫૦,૦૦૦/– (૨) શ્રીરામ માર્કેટ,બેગમપુરાને રૂા.૫,૦૦૦/– (૩)એન.ટી.એમ.માર્કેટ,બેગમપુરાને રૂા.૨,૦૦૦/–(૪) સાંઈરામ પેલેસ,બેગમપુરાને રૂા.૧,૦૦૦/– એમ કુલઃ–૦૪ ઈસમો પાસેથી કુલઃ– ૫૮,૦૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## તા.૨૩/૦૯/ ૨૦૧૫

## સુરત મહાનગપાલિકા પૂર્વ(વરાછા)ઝોનમાં ડીમોલીશન/ દબાણ હટાવવાની કામગીરી

(૧) ટી.પી. સ્કીમ નં.૩૮(નાના વરાછા) ખાતે ખાડીની નજીક આવેલ ભગવાન નગર સોસાયટીના પ્લોટ નં. બી/૪–૫ વાળી મિલકતમાં હયાત બાંધકામની ઉપર પૂર્વ મંજુરી વગર બાંધી દીધેલ ત્રીજા માળના આર.સી.સી. સ્લેબ તથા ચણતરનું આશરે ૧૦૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારનું બાંધકામ તોડીને દુર કરી મિલકતદાર તરફેથી ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

(૨) નાના વરાછા ખાતે ખાડી કિનારે, પરમસુખ ગુરૂકુળની પાછળ સુરત મહાનગરપાલિકાના રીઝવર્ડ પ્લોટમાં અનઅધિકૃત દબાણ કરી બની ગયેલ આશરે ૨૫ જેટલા ઝુંપડાઓ તોડીને દુર કરેલ તથા ત્યાં મુકેલ લારીઓ, ટાયરો વિગેરે સામાન જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી વરાછા ઝોનના કાર્યપાલકશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

TOP

**–:: પ્રેસનોટ ::–**

તા.૨૩.૦૯.૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂા.માં |
|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૬૫ | ૪૦ | ૭૯ | ૮૦૦૦ |
| **વરાછા** | ૮૬ | ૪૫ | ૩૧૧ | ૯૦૦૦ |
| **રાંદેર** | ૨૫ | ૪ | ૪૮ | ૮૦૦ |
| **કતારગામ** | ૮૫ | ૫૮ | ૪૦૦ | ૬૮૦૦ |
| **ઉધના** | ૨૦ | ૧૪ | ૩૧૨ | ૨૮૦૦ |
| **લિંબાયત** | ૪૯ | ૨૬ | ૨૯૮ | ૫૨૦૦ |
| **અઠવા** | ૪૦ | ૧૪ | ૨૦૮ | ૨૮૦૦ |
| **કુલ** | **૩૭૦** | **૨૦૧** | **૧૬૫૬** | **૩૫૪૦૦** |

**TOP**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૫ જુન, ૨૦૧૫ ના રોજ સ્માર્ટ સીટી મીશનની યોજના જાહેર કરી. આ યોજના અંતર્ગત ભારત દેશના કુલ ૧૦૦ શહેરની પસંદગી તમામ શહેરોની વચ્ચે સ્પર્ધાત્મક ધોરણે થવાની છે અને તે પ્રમાણે સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ૧૦૦ શહેરો પૈકી પ્રથમ તબકકામાં ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ૯૮ શહેરોમાં સુરત શહેરની પણ પસંદગી થયેલ છે. આ પસંદગી અત્યાર સુધીમાં શહેરના વિકાસ માટે કરવામાં આવેલ નોંધનીય કામગીરીના કારણે થયેલ છે. હવે સ્માર્ટ સીટી મિશનના બીજા તબકકામાં ભારત સરકાર ૧૦૦ શહેરો પૈકી પ્રથમ વર્ષમાં અમલીકરણ માટે ૨૦ શહેરોની યાદી પ્રસિધ્ધ કરવાની છે તે લીસ્ટમાં પસંદ થવા માટે આપણે સુરત શહેર માટે એક સચોટ અને ઉપયોગી સ્માર્ટ સીટી પ્રપોઝલ તૈયાર કરીને કેન્દ્ર સરકારને મોકલી આપવાની છે.

સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સ્ટેકહોલ્ડર્સ કન્સલ્ટેશનના ભાગરૂપે તા. ૨૩–૦૯–૨૦૧૫ ના રોજ કોન્ફરન્સ સાયન્સ સેન્ટરના ઓડિટોરીયમ ખાતે યોજાયેલ જેમાં સુરત શહેરના ધારાસભ્ય શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રીમતી સંગીતાબેન પાટીલ; મેયર શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ડેપ્યુટી મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી નિરવ શાહ, નેતા–શાસક પક્ષ શ્રી કિશોરભાઈ બિંદલ તથા ૬૮ કોર્પોરેટરશ્રીઓ હાજર રહેલ તથા તેઓએ તેમના બહુમુલ્ય સુચનો/અભિપ્રાયો વ્યકત કરેલ હતાં અને સુરત શહેરનો પ્રથમ ચરણના ૨૦ શહેરો પૈકી સામેલ થવા નિર્ધાર વ્યકત કરેલ હતો. હવે સીટીઝન એન્ગેજમેન્ટના ભાગરૂપે શહેરના નાગરિકોના અભિપ્રાય તેમજ સુચનો વર્તમાન દૈનિક પત્રોમાં આપવામાં આવનાર ફોર્મમાં ભરીને નજીકના નાગરિક સુવિધા કેન્દ્ર તથા ઝોન ઓફિસ ખાતે રાખવામાં આવનાર ડ્રોપ બોકસમાં મુકીને અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર આપવામાં આવનાર લીન્ક દ્વારા મેળવવામાં આવશે. ત્યારબાદ શહેરના ઔદ્યોગિક તેમજ અન્ય સ્ટેકહોલ્ડર્સ પાસેથી સુચનો/અભિપ્રાયો મેળવવાનું આયોજન છે.

TOP